દાખલ તા ૦૪ ૧૦ ૨૦૨૨
નોંધ્યા તા ૦૪ ૧૦ ૨૦૨૨
ફેસલ તા ૨૭ ૦૯ ૨૦૨૩
સમય ગાળો વર્ષ માસ તારીખ

**સિહોર ના મહેરબાન પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબશ્રી ની કોર્ટમાં,**
**મુ. સિહોર**

**રે.દી.મુ.નં .૨૩૬/૨૨**
**આંક–**

**વાદી :** **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ,**
રજી. ઓફીસ લક્ષ્મી નગર, રાજકોટ મુકામે આવેલી છે તેની,
થ્રુ તેના ડેપ્યુટી એન્જીનીયર (ઓ એન્ડ એમ.)
**સિહોર ટાઉન સબ ડીવીઝન ઓફીસ, સિહોર**
**તા. સિહોર, તા. જી.ભાવનગર**

**વિરુધ્ધ**

**પ્રતિવાદી:** **સંજયભાઈ રવજીભાઈ ડાભી,**
મુ. રામનગર પ્લોટ વિસ્તાર, પ્લોટ નં. ૧૮,
**સિહોર, જિ.ભાવનગર.**

**બાબત : રૂા. ૨૦,૦૪૩–૪૯ પૈસા વસૂલ મેળવવા માટે દાવો.**

---

**વાદીના : વિ.વ.શ્રી. એન.એચ. ઝાલા**
**પ્રતિવાદી : તરફે કોઈ નહી એક તરફી**

---

## **–: ચુકાદો :–**

**(૧)...** વાદીના દાવાની હકીકત ટૂંકમાં એવી છે કે, સદર વીજ કંપની કાયદાથી રચાયેલ રજીસ્ટર્ડ સંસ્થા છે. વાદી કંપની તેની તાબા તળેના નિર્દિષ્ટ વિસ્તારમાં વીજળીનું વિતરણ

તથા વીજ પુરવઠો પુરો પાડવા સહીતનું વીજ વપરાશ અંગેનું તમામ કામકાજ કરે છે અને વાદી કંપનીની સુગમતા માટે વાદી કંપનીની તાબા તળેના નકકી કરેલ વિસ્તારોમાં જુદી જુદી જગ્યાએ સર્કલ ઓફિસ, ડિવિઝન ઓફિસ, સબ ડિવિઝન ઓફિસ આવેલી છે. સદરહુ દાવામાં તેઓ **સિહોર ટાઉન સબ ડિવિઝન** ઓફિસનાં જવાબદાર સક્ષમ અધિકારી છે અને દાવાની સંપૂર્ણ હકીકતોથી માહિતગાર છે. આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી કે તેઓએ કંપની પાસેથી વીજ કનેકશન મેળવવા કોઈ અરજી કરેલ નથી કે કંપની દ્વારા તેઓને કોઈપણ જાતનુ વીજ કનેકશન ફાળવવામાં આવેલ નથી. આ કામનાં પ્રતિવાદીના સ્થળે વાદી કંપનીના ચેકીંગ સ્કવોડ દ્વારા **તા.૨૧ /૧૧/૨૦૨૦** ના રોજ ચેકીંગ કરવામાં આવતા પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની હળવા દબાણની લાઈનનાં પોલ ઉપર વાયરથી ડાયરેકટ જોડાણ કરી બિનઅધિકૃત વીજ વપરાશ કરી પાવર ચોરી કરતા હોવાનુ માલુમ પડેલ છે. આમ, પ્રતિવાદી વાદી કંપનીના પોલ પરથી ડાયરેકટ પાવર ચોરી કરતા હોવાનું માલુમ પડતા નિયમ મુજબ કાર્યવાહી કરેલ છે અને પ્રતિવાદીને નિયમ મુજબ **રૂા.૧૫,૯૧૧–૧૭ પૈસા** નું બીલ મોકલવામાં આવેલ તે અન્વયે નોટીસ આપવામાં આવેલ. આમ છતાં પ્રતિવાદીએ બાકી લેણી રકમ વસુલ આપેલ ન હોય તેના ઉપર ચડેલ ડી.પી.ચાર્જનાં મળી **કુલ રૂા.૨૦,૦૪૩–૪૯ પૈસા** વાદી કંપનીના પ્રતિવાદી પાસે બાકી લેણા રહે છે. તે હકીકતે બાકી લેણી રકમ પ્રતિાવાદીએ ચુકવેલ ન હોય વાદીએ હાલનો દાવો **રૂા.૨૦,૦૪૩–૪૯** પૈસા વસુલ મેળવવા કરેલ છે અને તે બાકી લેણી રકમ પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મિલ્કતમાંથી વાદી વસુલ લઈ શકે તેવું હુકમનામું વાદીના લાભમાં કરી આપવા તેમજ દાવાનો તમામ ખર્ચ તથા દાવા તારીખથી વાદીની લેણી રકમ વસુલ થતા સુધી **૧૮ %** લેખે વ્યાજ અપાવવા અરજ કરેલ છે.

વધુમાં ના. ડીસ્ટ્રીકટ કોર્ટના ઓફીસ ઓર્ડર નં– ૩૯૩/૧૯, તા.૧/૪/૧૯ અન્વયે વીજચોરીની વસુલાત અંગેની દાવાની હકુમત જેતે સ્થાનિક સીવીલ કોર્ટની નકકી કરવામાં આવેલ અને તેના આધારે સ્પેશ્યલ કોર્ટમાં પેન્ડીંગ રહેલ દાવાઓ આગળની કાર્યવાહી ચલાવવા માટે અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ ત્યારબાદ હાલનો દાવો પણ અત્રેની હકુમતનો હોય અત્રેની કોર્ટમાં દાખલ કરતા ના.ડીસ્ટ્રીકટ કોર્ટના ઓફીસ ઓર્ડરને આધારે સદર દાવાની આગળની કાર્યવાહી અત્રેની કોર્ટ દ્વારા ચલાવવામાં આવેલ હતી.

(૨)... સદર દાવાનો **આંક–૦૫** નો સમન્સ ધારાસર બજી જતા પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા આંક–૧૦ પોતાનો જવાબ રજુ કરી વાદીના દાવાની મોટા ભાગની હકીકતોનો ઈન્કાર કરી

વધુમાં જણાવેલ છે કે પ્રતિવાદી વાદી કંપનીના કાયદેસરના ગ્રાહક નથી તેમજ આ કામના વાદી કંપનીના અધિકારીઓ તા. ૨૧–૧૧–૨૦૨૦ ના રોજ તપાસ માટે આવેલ ન હોય જેથી તેમનુ વીજ કનેકશન કાપેલ હોવા અંગે પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેમજ પ્રતિવાદીએ વાદીની ઈલેકટ્રીસીટીનો વપરાશ કરેલ નથી કે ચોરી કરેલ નથી. તેમજ વાદીના ઘરે કોઈ પંચરોજકામ કરેલ નથી. જેથી પંચનામામાં તેમની સહી નથી. તેમજ ચેકીગ કરેલ તે વાદગ્રસ્ત મકાન પ્રતિવાદીનુ હોવા બાબતે કોઈ આધાર પુરાવો વાદી તરફે રજુ રાખેલ નથી. જેથી પ્રતિવાદીએ તેમના મકાન પાછળ આવેલ વીજ લાઈન પરથી ટવીન વાયર વીજ લાઈનના ફેઈજ તથા ન્યુટન જોડી તેમના મકાનમાં કોઈ વાયર લીધેલ નથી. તેમજ પ્રતિવાદી પાસેથી કોઈ મુદામાલ કબજે કરેલ નથી કે ચેકીગ સમયે ૯૭૭ વોટનો વીજ વપરાશ કરતા હોવાની હકીકત ખરી નથી. તેમજ પ્રતિવાદીની હાજરીમાં કોઈ વાયર કબજે કરવામાં આવેલ નથી. જેથી પ્રતિવાદીને કોઈ પુરવણી બીલ આપેલ નથી તેમજ કોઈ નોટીશ આપેલ નથી જેથી પ્રતિવાદી કુલ રૂા. ૨૦૦૪૩–૪૯ ભરવા જવાબદાર નથી. તેમજ વાદીએ પુરતી કોર્ટ ફી ભરેલ નથી તેમજ સમય મર્યાદા બહારનો દાવો હોય આ કોર્ટને દાવો ચલાવવા હકુમત હોય તેવા વિવિધ કારણોસર દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૩)... ઉપરોકત દાવાનાં કામે **આંક–૧૧** થી મારા ધ્વારા નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

## <u>–: મુદ્દા :–</u>

(૧). શું વાદી પુરવાર કરે છે કે, તા. **૨૪/૧૨/૨૦૨૦** ના રોજ પ્રતિવાદીના ઘરે તપાસ કરતા તેઓએ વીજચોરી કરી બિન અધિકૃત વીજ વપરાશ કરતા મળી આવેલ છે ?

(૨). શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસે **રૂા. ૨૦,૦૪૩–૪૯ /–** કાયદેસરના લેણીના બાકી પડે છે ?

(૩). શું વાદી પુરવાર કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસે **રૂા. ૨૦,૦૪૩–૪૯ /–** વસુલ મેળવવા હકકદાર છે ?

(૪). શું વાદી માંગ્યા મુજબ વ્યાજની રકમ મેળવવા હકકદાર છે ?

(૫). શું વાદી માંગ્યા મુજબ દાદ મેળવવા હકકદાર થાય છે ?

(૬). શું હુકમ ? શું હુકમનામું ?

(૪)... ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. **હકારમાં**

૨. **હકારમાં**

૩. **હકારમાં**

૪. **અંશત: હકારમાં, દાવા તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક ૬ % લેખે**

૫. **અંશત: હકારમાં**

૬. **આખરી હુકમ અને હુકમનામા મુજબ**

(૫)... આ કામે વાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| સાહેદ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | **સાહેદ ધર્મેશભાઈ નાનુભાઈ પટેલ** |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| અનુ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | સ્થળ રોજ કામની ખરી નકલ |
| ૨ | ૧૬ | તપાસણી અહેવાલની ખરી નકલ |
| ૩ | ૧૭ | વાયર કબજે રીપોર્ટ ની ખરી નકલ |
| ૪ | ૧૮ | વાદીએ પ્રતિ.ને આપેલ બીલની ખરી નકલ |
| ૫ | ૧૯ | વાદીએ પ્રતિ.ને આપેલ બીલ મળેલ તેની રજી. એડી. ની સ્લીપ |
| ૬ | ૨૦ | વાદીએ પ્રતિ.ને આપેલ બીલની ખરી નકલ |
| ૭ | ૨૧ | વાદીના બીલની ગણતરીપત્રકની ખરી નકલ |
| ૮ | ૨૨ | પ્રતિ. સામે વીજ ચોરીની ફરીયાદ નોંધવા પો.સ્ટે.ને કરેલ યાદીની ખરી નકલ |
| ૯ | ૨૩ | પ્રતિ. સામે કરેલ વીજચોરીના ફરીયાદની ખરી નકલ |
| ૧૦ | ૨૪ | વાદીએ પ્રતિને આપેલ નોટીશની નકલ |
| ૧૧ | ૨૫ | વાદીનુ સર્ટીફીકેટ |
| ૧૨ | ૨૬ | વાદીનુ સર્ટીફીકેટ |
| ૧૩ | ૨૭ | પરફોર્મા નં. ૧૨ ની ખરી નકલ |

| | | |
|---|---|---|
| ૧૪ | ૨૮ | વાદીના ફીઝીકલ સાઈટ વેરીફીકેશનની ખરી નકલ |

આ સિવાય વાદી તરફે અન્ય મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેમજ વાદી તરફે **આંક–૨૯** થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

તેમજ આ કામે પ્રતિવાદી ઓ તરફે તેમના વિ.વ.શ્રી હાજર રહી જવાબ રજુ કરેલ છે ત્યારબાદ તેમના તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી તથા હાલના દાવાના કામે વાદીનો પુરાવો પુર્ણ થતા સુધી તેઓને પુરતી તક મળેલ હોવા છતા તેઓ તરફે કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરેલ નથી.

(૬)... વાદી તરફે તેઓના વિ.વ.શ્રીનાઓની દલીલો સાંભળવામાં આવી છે તેઓ તેમની દલીલમાં જણાવે છે કે, વાદી ઈલેકટ્રીકસીટી એકટ–૨૦૦૩ હેઠળ ઈલેકટ્રીકસીટી ઉત્પાદન અને વિતરણ કરતી સંસ્થા છે. આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી કે તેઓએ કંપની પાસેથી વીજ કનેકશન મેળવવા કોઈ અરજી કરેલ નથી કે કંપની ધ્વારા તેઓને કોઈપણ જાતનુ વીજ કનેકશન ફાળવવામાં આવેલ નથી. આ કામનાં પ્રતિવાદીના સ્થળે વાદી કંપનીના ચેકીંગ સ્કવોડ ધ્વારા ચેકીંગ કરવામાં આવતા પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની હળવા દબાણની લાઈનનાં પોલ ઉપર વાયરથી ડાયરેકટ જોડાણ કરી બિનઅધિકૃત વીજ વપરાશ કરી પાવર ચોરી કરતા હોવાનુ માલુમ પડેલ છે. આમ, પ્રતિવાદી વાદી કંપનીના પોલ પરથી ડાયરેકટ પાવર ચોરી કરતા હોવાનું માલુમ પડતા નિયમ મુજબ કાર્યવાહી કરેલ છે અને પ્રતિવાદીને નિયમ મુજબનું લેણી રકમનુ બીલ મોકલવામાં આવેલ તે અન્વયે નોટીસ આપવામાં આવેલ. આમ છતાં, પ્રતિવાદીએ બાકી લેણી રકમ વસુલ આપેલ ન હોય તેના ઉપર ચડેલ ડી.પી.ચાર્જનાં મળી દાવામાં જણાવેલ રકમ વાદી કંપનીના પ્રતિવાદી પાસે બાકી લેણા રહે છે અને તે અંગેનો પુરતો પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી તેઓએ દાવાની હકીકત પુરવાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીને સમન્સ બજી જતા તેઓના વિ.વ.શ્રી મારફત હાજર રહી જવાબ રજુ કરી માત્ર વાદીની દાવા અરજીનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ પુરતી તક આપવા છતા હાજર રહેલ નથી. આમ, વાદીએ દલીલ કરી દાવા અરજી મુજબ દાદ આપવા અરજ કરેલ છે. જયારે આ કામે પ્રતિવાદી તરફે કોઈ જવાબ રજુ થયા બાદ કોઈ હાજર થયેલ નથી અને જેથી તેઓ તરફે કોઈ દલીલ થયેલ નથી.

**–:: કા ર ણો ::–**

**મુ દ્દા નં બ ર – ૧ થી ૩ અંગેની ચર્ચા :–**

(૭)... ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય, પુનરાવર્તન ટાળવા સારુ તમામ

મુદ્દાઓની ચર્ચા એક સાથે સંયુકત કરવામાં આવેલ છે.

(૮)... આ કામના વાદી તરફે વાદી કંપનીના નાયબ ઈજનેર **શ્રી ધર્મેશભાઈ નાનુભાઈ પટેલ**એ અદાલત રુબરુ સીપીસી ઓર્ડર–૧૮, રૂલ–૪ મુજબ પુરાવારૂપી સોગંદનામુ **આંક–૦૮** થી રજુ કરેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી કે તેઓએ કંપની પાસેથી વીજ કનેકશન મેળવવા કોઈ અરજી કરેલ નથી. આ કામનાં પ્રતિવાદીના સ્થળ વાદી કંપનીના ચેકીંગ સ્કવોડ દ્વારા **તા.૨૪/૧૨/૨૦૨૦** ના રોજ ચેકીંગ કરવામાં આવતા પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની હળવા દબાણની લાઈનનાં પોલ ઉપર વાયરથી ડાયરેકટ જોડાણ કરી બિનઅધિકૃત વીજ વપરાશ કરી પાવર ચોરી કરતા હોવાનુ માલુમ પડેલ છે. આમ, પ્રતિવાદી વાદી કંપનીના પોલ પરથી ડાયરેકટ પાવર ચોરી કરતા હોવાનું માલુમ પડતા નિયમ મુજબ કાર્યવાહી કરેલ છે અને પ્રતિવાદીને નિયમ મુજબ **રૂા.૧૫,૯૧૧–૧૭ પૈસા**નું બીલ મોકલવામાં આવેલ તે અન્વયે નોટીસ આપવામાં આવેલ. આમ છતાં પ્રતિવાદીએ બાકી લેણી રકમ વસુલ આપેલ ન હોય તેના ઉપર ચડેલ ડી.પી.ચાર્જનાં મળી **કુલ રૂા. ૨૦,૦૪૩–૪૯ પૈસા** વાદી કંપનીના પ્રતિવાદી પાસે બાકી લેણા રકમ નીકળતી હોવાનું જણાવેલ છે. પ્રતિવાદીને ધારાસર સમન્સ બજી ગયા બાદ તેઓ હાજર થયેલ નથી કે જવાબ રજુ કરેલ નથી જેથી તેમની સામે એકતરફી કામ આગળ ચલાવવામાં આવેલ છે. આમ,પ્રતિવાદી પોતે કે તેમના પ્રતિનિધિ – વકીલશ્રી કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી કે જવાબ રજુ કરેલ નથી કે દાવાનો ઈન્કાર કરેલ નથી. આ સાહેદે તેની સોગંદ ઉપરની જુબાનીમાં ઉપર જણાવ્યા મુજબના દસ્તાવેજો **આંક–૧૦ થી ૨૨** સુધીના પુરાવામાં રજુ રાખેલ છે અને દાવા મુજબ દાદ માંગેલ છે. વધુમાં આ તમામ દસ્તાવેજોને જે તે સમયે ટેન્ટેટીવ આંક આપેલ હતા, પરંતુ આ તમામ દસ્તાવેજો વાદી કંપનીમાં રાખેલ અસલ દસ્તાવેજો પરથી કરેલ ખરી નકલો છે. આ દસ્તાવેજોમાં વાદી કંપનીના અધિકારીઓની સહીઓ છે. તે યોગ્ય કસ્ટડીમાંથી રજુ થયેલ છે. તેમજ સામાવાળા તરફે આ દસ્તાવેજો સામે કોઈ વાંધો લીધેલ નથી. જેથી આ દસ્તાવેજોને પુરાવામાં વંચાણે લઈ શકાય તેવુ આ અદાલતનું માનવુ છે.

જે તમામ દસ્તાવેજો વંચાણે લેતા તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાને લેતાં, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોવાનુ અને વીજચોરી કરી બિન અધિકૃત રીતે વીજ વપરાશ કરેલ હોવાનુ ફલિત થાય છે. વધુમાં રજુ થયેલા તમામ દસ્તાવેજો ધ્યાને લેતા પ્રતિવાદીએ કોઈ વિજ

કનેકશન લીધેલ ન હોવાનુ અને તેમ છતા બિન અધિકૃત રીતે વીજ વપરાશ વપરાશ કરેલ હોવાનુ જણાઈ આવે છે. તેમજ વાદી કંપનીએ પ્રતિવાદી પાસે દાવામાં જણાવેલ રકમ બાકી લેણાં રહે છે. તેમજ આ કામે વાદી તરફે રજુ કરેલા દસ્તાવેજોને પ્રતિવાદીએ ચેલેન્જ કરેલ નથી કે વાદી તરફે સાહેદના સોગંદરૂપી પુરાવાને પણ ચેલેન્જ કરવામાં આવેલ નથી જેથી વાદી કંપની તરફથી રજુ થયેલ દસ્તાવેજોને ન માનવા માટે કોઈ કારણ નથી. જેથી આ તમામ રજુ થયેલ દસ્તાવેજો પરથી આ કામના પ્રતિવાદી બિન અધિકૃત વીજ વપરાશ કરતા પકડાઈ ગયેલ હોવાનુ અને તે અંગે પ્રતિવાદી પાસે વાદી સંસ્થાના બિન અધિકૃત વિજ વપરાશના તથા ડી.પી.સી.ચાર્જ સહિતના દાવા અરજીમાં જણાવેલ રકમ પુરા બાકી હોવાનુ અને તે રકમ વાદી વસુલ મેળવવા હકકદાર હોવાનુ સાબિત થતુ હોય મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ "**હકારમાં**" આપવામાં આવે છે.

**<u>મુ દ્દા નં બ ર – ૪,૫ અંગેની સંયુકત ચર્ચા :–</u>**

(૯)... ઉપરોકત મુદ્દાની ચર્ચાને અંતે એ બાબત સ્પષ્ટ છે કે, વાદી આ કામના પ્રતિવાદી બિન અધિકૃત વીજ વપરાશ કરતા પકડાઈ ગયેલ હોય અને તે અંગે પ્રતિવાદી પાસે વાદી સંસ્થાના બિન અધિકૃત વિજ વપરાશના તથા ડી.પી.સી.ચાર્જ સહિતની લેણી રકમ મેળવવા હકકદાર છે અને તે રકમ પ્રતિવાદીએ આજ દીન સુધી ભરપાઈ કરેલ નથી. વધુમાં વાદી કંપની એ જાહેર સંસ્થા છે અને તેઓ વિજ–પૂરવઠો પૂરો પાડવાની કામગીરી કરે છે અને તેમાં કંપનીના નાણાં રોકાયેલા હોઈ જેથી વાદી કંપનીને પ્રતિવાદીએ બિન અધિકૃત વીજ વપરાશ કરેલ હોય અને ગ્રાહક ન હોય પરંતુ તેણે વીજ વપરાશ કરેલ હોવાથી તેની પાસેથી બાકી લેણા પેટે જો વ્યાજ અપાવવામાં ન આવે તો વાદી કંપનીને નાણાકીય રીતે નુકશાન થાય તેમ હોય તેથી વાદી બિલની લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર હોવાનુ ઠરાવવામાં આવે છે.

(૯.૧)... હવે, આ કામે વાદી કઈ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે અને તે વ્યાજ કયારથી અને કેટલુ હોવુ જોઈએ ? તે અંગે જોવામાં આવે તો, આ કામે વાદી ધ્વારા પ્રતિવાદી પાસે વાદી કંપનીના બિન અધિકૃત વિજ વપરાશના તથા ડી.પી.સી.ચાર્જ સહિતના મળી **રૂા.૨૦,૦૪૩–૪૯** પૈસા લેણા પડે છે તે રકમ ઉપર **૧૮** ટકા લેખે વ્યાજ માંગવામાં આવેલ છે ત્યારે દિવાની કાર્યરીતિ સંહિતાની કલમ–૩૪ જોવામાં આવે તો તેમાં વ્યાજ અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. તે જોગવાઈ અનુસાર હુકમનામુ નાણા આપવા માટેનું હોય ત્યારે કોર્ટે જે મુદ્દલ રકમ ફેંસલાથી નકકી થયેલ હોઈ તેના ઉપર દાવો માંડયાની પહેલાની કોઈ મુદ્દલનુ વ્યાજ નકકી થયુ

હોય તે વ્યાજ ઉપરાંત દાવાની  તારીખથી તે હુકમનામાની તારીખ સુધીનુ તેની સાથે મુદ્દલ રકમ ઉપર હુકમનામાની  તારીખથી ચૂકવણી તારીખ સુધીનુ અથવા તેનાથી પહેલાની તારીખ સુધીનુ પોતાને વ્યાજબી લાગે તેટલું વાર્ષિક ૬ ટકા કરતા વધારે ન હોય તેવા દરે વધારે વ્યાજ અપાવવાનો હુકમ કરી શકશે અને વધુમાં એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે, એવી ઠરાવેલ  રકમના  સંબંધમાં પક્ષકારો વચ્ચે  વાણિજીયક  લેવડ–દેવડમાંથી જવાબદારી ઉભી થઈ હોય તો વ્યાજનો દર વર્ષે ૬ ટકા કરતા વધુ રહી શકશે પરંતુ તે વ્યાજ અંગે કોઈ કરાર અસ્તિત્વમાં હોય તો તે કરારમાં ઠરાવેલ દર કરતા અથવા તેવા કરારમાં  દર  ઠરાવ્યો  ન  હોય  ત્યારે રાષ્ટ્રીયકૃત બેન્ક જે દરે નાણા ઉછીના આપતી હોય કે ધીરતી હોય તે દર કરતા વધુ વ્યાજ  અપાવી શકાય નહી. હવે, આ કામે જયારે વાદી–પ્રતિવાદી વચ્ચે વ્યાજ અંગે કોઈ કરાર થયેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ ન હોય તેમજ વાદી  પ્રતિવાદી વચ્ચેનો વ્યવહાર વાણિજીયક લેવડ–દેવડનો પણ  નથી ત્યારે કલમ–૩૪ અનુસાર વાદીને ૬ ટકા થી વધુ દરે વ્યાજ અપાવી શકાય તેમ ન હોય ત્યારે, વાદી કંપનીને પ્રતિવાદીએ કરેલ બિન અધિકૃત વીજ વપરાશની લેણી રકમ **રૂા. ૨૦,૦૪૩–૪૯  પૈસા**  ઉપર જો વાર્ષિક  ૬ ટકા  લેખે  પ્રતિવાદી પાસેથી સાદુ વ્યાજ  અપાવવામાં  આવે અને તે વ્યાજ  દાવા તારીખથી લેણી રકમ વસૂલ થતા સુધીનુ અપાવવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે. આમ, રેકર્ડ પરનો તમામ પુરાવો ધ્યાને લેતા તથા ઉપરોકત કરેલ ચર્ચાઓને આધારે મુદ્દા નં.૪, ૫ નો જવાબ '' **અંશતઃહકારમાં** '' આપી, મુદા નં.૬ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:/((હુ ક મ))/:–**

(૧)   વાદીનો દાવો આથી **''અંશતઃમંજુર''** કરવામાં આવે છે.

(૨)   આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને  બિન અધિકૃત કરેલ વિજ વપરાશના તથા ડી.પી.સી. ની રકમ મળી **કુલ રૂા.૨૦,૦૪૩–૪૯  પૈસા  ( અંકે રૂપિયા વીસ હજાર તેતાલીસ રૂપીયા અને ઓગણપચાસ પૈસા )** ચૂકવી આપવાનો તથા તેના ઉપર દાવા તારીખથી રકમ વસૂલ  થતા  સુધી  વાર્ષિક  ૬(છ) ટકાના દરે સાદુ વ્યાજ ચૂકવવાનો તથા પ્રતિવાદીએ સદર તમામ રકમ એકી સાથે વાદી કંપનીને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો પ્રતિવાદી વાદી કંપનીની લેણી રકમ વસૂલ આપવામાં કસુર કરે તો વાદી કંપની પ્રતિવાદીની હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલ્કતથી વસુલ મેળવી શકે તેવું વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરુધ્ધમાં હુકમનામું કરી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) વાદીના દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચૂકવવો, જયારે પ્રતિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આ હુકમ આજરોજ તારીખ– ૨૭ મી, માહે–સપ્ટેમ્બર, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં–વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

**સ્થળ:–સિહોર**
**તા. ૨૭/૦૯/૨૦૨૩**

**(ડો. રાકેશ પરિયાની)**
**પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ**
**સિહોર(જી.જે.૦૧૨૫૨)**